# કોબાના ખેડૂતે ભૂ-માફિયાથી કંટાળી ઝેરી દવા ગટગટાવી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની આસપાસ આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં જમીનના ભાવ આસમાનને આંબી રહ્યા છે. ત્યારે ભોળા જમીન ધરાવતા ખેડૂતોને છેતરવા માટે ભૂમાફિયા મેદાનમાં પડ્યા છે. ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કોબા ગામના ૬૦ વર્ષીય ખેડૂતને ભોળવીને જમીન માફિયાઓએ સાત કરોડની જમીન રજીસ્ટર બાનાખત લખાવી લેતા ચકચાર મચી જવા પામી છે. એટલુ જ નહી આ ખેડૂતને છેતરાયાનો અહેસાસ થતા તેણે ઝેરી દવા લેતા સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે ગામમાં તેમજ આસપાસના વિસ્તારમાં ખેડૂતોમાં ભૂમાફિયાઓને લઈ રોષ ભભુકી ઉઠ્યો છે. અને આગામી સમયમાં આંદોલન પણ થાય તો નવાઈ નહી. તો ભૂમાફિયાઓ સામે કડક હાથે કામ લેવામાં નહી આવે તો સમગ્ર પરિવારે ઝેર પીવાની ચિમકી ઉચ્ચારી છે.

રાજ્ય સરકાર એક બાજુ ખેડૂતોના હકો માટે વિવિધ યોજનાઓની જાહેરાત કરી રહી છે. ત્યારે ગાંધીનગર શહેર આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં જમીનોના ભાવ કરોડોને આંબી ગયા છે. ત્યારે નિર્દોષ અને ભોળા ખેડૂતોની કરોડોની જમીનો પર ભૂમાફીયાઓનો ડોળો રહેલો હોય

## ખેડૂત પરિવારને ન્યાય નહી મળે તો આત્મવિલોપનની ચિમકી

છે. ભૂમાફીયા ગાંધીનગર જિલ્લામાં પણ સક્રીય થઈ ગયા છે. ગાંધીનગર જિલ્લામાં સંખ્યાબંધ છેતરપીંડીના કેસ વધવા પામ્યા છે. જેમાં ખેડૂતો પોતાની મહામુલી જમીન ગુમાવી ચુક્યા છે. ગાંધીનગર-અમદાવાદ ટ્વીનસીટી બનવા જઈ રહ્યું છે. ત્યારે કુડાસણ, રાંદેસણ, રાયસણ, સરગાસણ અને કોબા વિસ્તારમાં અસંખ્ય ફ્લેટ, મકાનો તૈયાર થઈ ચુક્યા છે. ત્યારે ખેડૂતોએ સાચવેલી જમીન ભૂમાફિયાઓ પચાવી પાડવા માટે શામ, દામ, દંડ ભેદની નીતિ અપનાવતા હોય છે. અગાઉ પણ મોટા દસ્તાવેજના આધારે ખેડૂતોની જમીન વિવાદમાં નાંખીને આવા ભૂમાફિયાઓ કરોડો રૂપિયા પડાવતા હોય છે. ત્યારે શહેર નજીક આવેલ કોબા ગામના સર્વે નં. ૫૭૫ની વડીલોપાર્જીત અને ભાઈ ભાગની આવેલી છે. ત્યારે બાબુભાઈનો પણ તેમા હિસ્સો હોવાથી છેલ્લા ઘણા મહિનાઓથી ભૂમાફિયા તેમના સંપર્કમાં હતા અને તેમની સાત કરોડ રૂપિયાની જમીન લેવા માટે તેમને સાથે લઈને ફરતા હતા.

ઉંમરના કારણે માનસિક સ્વસ્થતા ગુમાવી ચુકેલા બાબુ પટેલને યેનકેન પ્રકારે ફોસલાવીને તેમની જમીનનો રજીસ્ટર બાનાખત જમીયતપુરાના નિકુલ બળદેવભાઈ દેસાઈએ કરી લીધો હતો. પરિવારજનોને આ ઘટના અંગે જાણ થતા તેમના માથે આભ ફાટ્યા જેવી સ્થિતિ માનસીક રીતે પડી ભાંગેલા બાબુભાઈએ આજે સવારે પોતાના ઘરે જ ખેતરમાં છાંટવાની દવા ગટગટાવી લીધી હતી. જેથી તેમને સારવાર માટે ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર શરૂ કરવામાં આવી હતી. બનાવની જાણ ઈન્ફોસીટી પોલીસ મથકના જમાદાર વિક્રમસિંહને થતા સિવિલ દોડી ગયા હતા અને ફરિયાદ લેવા તજવીજ શરૂ કરી હતી. પોલીસને બાબુભાઈએ લખેલી ચીઠ્ઠી પણ મળી આવી છે. તો બીજી બાજુ આ ખેડૂતના પરિવારે પણ ચિમકી ઉચ્ચારી છે કે તેમને ન્યાય નહી મળે તો આખો પરિવાર ઝેર પી આત્મહત્યા કરી લેશે. ત્યારે હવે તંત્ર અને પોલીસ આ બાબતે શુ કાર્યવાહી કરે છે તે જોવુ રહ્યુ. હાલ તો ગાંધીનગર શહેરના આસપાસના ખેડૂતો આ પ્રકારની છેતરપીંડીથી તોબા પોકારી ઉઠ્યા છે અને આવા ભૂમાફીયા સામે કડક હાથે કામ લેવા માંગણી કરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




દરજીભાઈ... આ ખમીસમાંથી ખીસ્સુ કાઢી આપોને...!! હવે ઈન્ડિયા કેશલેસ થયા બાદ હું પણ કેશલેસ થઈ ગયો છું... હવે ગજવું કાંઈ કામનું નથી.

## ગણોતધારા હેઠળની જમીન માટે ખરીદકિંમત ભરપાઈ કરવાની મુદત ૩૧ માર્ચ સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના જાહેરનામા અનુસાર તા. ૨૫મી જાન્યુઆરીથી ગણોત ધારા હેઠળ ગણોતીયાઓને મળેલ જમીન પર ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત તા. ૩૧મી માર્ચ સુધી લંબાવવામાં આવી છે. આ મુદત સુધીમાં જે ગાંધીનગર જિલ્લામાં ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની બાકી હોય તેમણે તા. ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ભરપાઈ કરી દેવા સંબંધિત ગામના તલાટી અથવા મામલતદાર કચેરીનો સંપર્ક સાધવા તાકીદ કરવામાં આવી છે. બાકી રહેલ ખરીદ કિંમતની રકમ ભરપાઈ કરી હોય તેવા ગણોતીયા જમીનનો માલિકી હક્ક મેળવી શકે છે. ગણોતધારા હેઠળ જમીનોની ખરીદ કિંમત ભરવાની બાકી હોય તેવા ખાતેદારોની યાદી સંબંધિત મામલતદાર કચેરી ખાતેના નોટિસબોર્ડ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે.




## દારૂના કેસમાં નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાંચની એબસ્કવોન્ડટ ટીમે ઝડપી પાડ્યો

ગાંધીનગર શહેર નજીક આવેલ કોલવડા ગામની સીમમાંથી ગત તા. ૫ ફેબ્રુઆરીના રોજ ઈંગ્લિશ દારૂની બોટલ નંગ-૪૬૬ અને બિર નંગ ૨૪૦ કુલ રૂ. ૨,૩૦,૬૦૦ના દારૂના કેસનો આરોપી વોન્ટેડ હતો. જેને ગાંધીનગર ક્રાઈમ બ્રાંચની એસ સ્કવોન્ડર ટીમે ઝડપી પાડી. ગાંધીનગર ક્રાઈમ બ્રાંચની એબસ્કવોન્ડટ ટીમ ગઈકાલના રોજ પી.એસ.આઈ. વી.એમ. ઝાલા અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન અ.હે.કો. દિલિપસિંહ બળદેવજીને બાતમી મળી હતી કે પેથાપુરમાં નોંધાયેલ દારૂના ગુનાનો આરોપી દિગ્વિજયસિંહ જશવંતસિંહ વાઘેલા રહે. સોમનાથ સોસાયટી, કોલવડા, તા. જિ. ગાંધીનગર અને પુનાભાઈ વરવાભાઈ રાવળ રહે. રાવળવાસ, કોલવડા, તા. જિ. ગાંધીનગરને કોલવડા ગામેથી પકડી પાડ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

## ગુજરાત વિકાસ માટેની નક્કર રાજનીતિથી પ્રગતિ કરી રહ્યું છે

### જાતિના ભેદભાવથી ચૂંટણી જીતવાના સપના જોનારાઓને જાકારો આપીને પ્રજાએ વિરોધીઓને તેમનું સ્થાન બતાવ્યું

ગાંધીનગર,તા.૫

રાજ્ય વિધાનસભામાં અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસનો જવાબ આપતાં રાજ્યના વન અને આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલના નેતૃત્વની ભારતીય જનતા પક્ષની અમારી સરકાર ગરીબોની, ખેડુતોની, વંચિતોની, યુવાઓની અને મહિલાઓની સરકાર છે. આ એવી સરકાર છે જેણે લોકોને ઘરઆંગણે જઈને વિકાસ પહોંચાડ્યો છે. આ સરકાર માટે સૌનો સાથ સૌનો વિકાસ એ જ કર્મ મંત્ર છે. તેમણે જણાવ્યું હતું કે, ઈશાન ભારતના જનતા પક્ષને દેશવ્યાપી સમર્થન છે.

તેમણે ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં મતનું રાજકારણ ખેલીને ગુજરાતની જનતાને જ્ઞાતિ જાતિના ભેદભાવથી છીન્નભિન્ન કરી ચૂંટણી જીતવાના સપનાં જોનારાઓને જાકારો આપીને ગુજરાતની જનતાએ આ લોકોને તેમનું સ્થાન બતાવી આપ્યું છે. મંત્રી વસાવાએ જણાવ્યું હતું કે, ચૂંટણી ઢંઢેરાના કાલ્પનિક વચનોથી નહીં પરંતુ ગુજરાત રાજ્ય વિકાસની નક્કર રાજનીતિથી પ્રગતિ કરી રહ્યું છે અને એટલે જ ૨૨ વર્ષમાં લગાતાર સતત છઠ્ઠી વખત ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીના હાથમાં સત્તા સોંપી છે. આ પક્ષનો એકલાનો નહીં પરંતુ સાડા છ કરોડ ગુજરાતીઓનો વિજય છે એમ કહીને મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર સૌનો સાથ સૌનો વિકાસ કર્મ મંત્ર દ્વારા ફરી વખત વિકાસને ગુજરાતનો પર્યાય બનાવવા વધુ પુરુષાર્થ કરશે. આદિવાસી વિસ્તારોની વિકાસની થયેલ કાયાપલટ સંદર્ભે જવાબ આપતાં વન મંત્રીએ જણાવ્યું કે, પૂર્વ મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીએ આદિજાતિ વિસ્તારના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ફાળવેલ ૧૫,૦૦૦ કરોડના બદલે ૧૭ હજાર કરોડથી વધુ વિકાસના કામો આ સરકારે કર્યા છે એટલુ જ નહીં, જંગલની જમીનો તેના મૂળ માલિકો એવા ૩૪,૨૪૮ આદિજાતિને ૫૧,૮૯૯ એકર જમીનના હક્કો આપ્યા છે એટલું જ નહીં ૪૫૯૯ જેટલા હક્ક દાવાઓનો નિકાલ કરી ૧૧ કરોડ ૬૦ લાખ ૫૭ હજારની રકમ લાભાર્થીઓને પરત આપી છે. આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધાઓનો વિપક્ષના આક્ષેપોનો જવાબ આપતાં વન મંત્રીએ જણાવ્યું કે, અગાઉ આ વિસ્તારના લોકોને પાણી માટે દુર દુર સુધી જવું પડતું હતું પરંતુ આ સરકારે ૯૪૮ કરોડની જોગવાઈ કરી છે તેમજ પાણીની સમસ્યાને કાયમી ધોરણે દુર કરવા દસ મોટી પાણી પુરવઠાની યોજનાઓ પેટે ૨૮૦૦ કરોડ ખર્ચ કરી પાણીની સમસ્યાઓનો ઉકેલ આ સરકાર લાવી છે. આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે નર્મદા જિલ્લામાં બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટી માટે આ સરકારે ૪૦ એકર જમીન તેમજ ૨૨ કરોડની જોગવાઈ કરાઈ છે.

## રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો ચુસ્ત અમલ જારી છે

ગાંધીનગર,તા.૫

શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું છે કે, રાજ્યના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત અને સસ્તુ શિક્ષણ ઘર આંગણે જ પુરૂ પાડવું એ અમારી પ્રાથમિકતા છે. રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો ચુસ્તપણે અમલ કરીને ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં બે વર્ષમાં ૩૮૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

વિધાનસભા ખાતે સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં આરટીઈ એક્ટ હેઠળ પ્રવેશ અંગે પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ કહ્યું કે, આરટીઈ એક્ટનો ૨૦૦૯માં અમલી બનાવ્યો છે. રાજ્યમાં તેનો ૨૦૧૩થી અમલ કરાયો છે. જિલ્લાકક્ષાએ શરૂઆતમાં ડીઈઓ અને ડીપીઓ દ્વારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાતી હતી પરંતુ વર્ષ-૨૦૧૭-૧૮થી પારદર્શી પ્રવેશ માટે રાજ્ય સરકારે વેબ પોર્ટલ કાર્યાન્વિત કરાયું છે. જેના દ્વારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય છે. જે વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્રવેશ મેળવવાનો રહી ગયો હોય તો ઓફલાઈનથી પણ પ્રવેશ અપાય છે. જેમાં ૬ કિ.મીની મર્યાદામાં શાળાની ઉપલબ્ધી ન હોય તો નજીકની શાળામાં પ્રવેશ અપાય છે.

આ એકટમાં પ્રવેશ બાદ શાળા ફેરબદલીની જોગવાઈ ન હોવા છતાં રાજ્ય સરકાર સામેથી સુઓમોટોના ધોરણે વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ વિવિધ કારણોસર શાળાની ફેરબદલી પણ કરી આપવામાં આવે છે. આ કાયદાનો અમલ ન કરનાર શાળાઓને પ્રથમ વખત ૧૦ હજાર અને પછીની દરેક ભુલમાં ૧૫ હજાર પ્રતિભુલ મુજબ દંડ વસુલવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લાની ૩ શાળાઓને ૨,૪૫,૦૦૦નો દંડની નોટીસ આપવામાં આવી છે.

## પ્રત્યેક તાલુકાઓમાં સરકારી કોલેજ કાર્યરત કરવા પ્રયાસ

### નવનિર્મિત બિનઆદિવાસી ૧૪ તેમજ ચાર આદિવાસી તાલુકામાં આવી કોલેજ શરૂ કરવાની યોજના : ચુડાસમા

ગાંધીનગર,તા.૫

રાજ્ય વિધાનસભામાં પ્રશ્નોતરી કાળ દરમિયાન પાટણ અને અમદાવાદ જિલ્લામાં આવેલી વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો સંદર્ભના ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નો રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રત્યુત્તર પાઠવ્યો હતો.

મંત્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના પ્રત્યેક તાલુકામાં સરકારી કોલેજ કાર્યરત થાય તે માટે રાજ્ય સરકારે ખાસ ભાર મૂક્યો છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, નવનિર્મિત એવા બિન આદિવાસી એવા ૧૪ અને ૪ આદિવાસી મળી આવા ૧૮ તાલુકામાં સરકારી કોલેજો શરૂ કરવા રાજ્ય સરકારે આયોજન કર્યું છે. ત્યારબાદ જે તે તાલુકામાં જરૂરિયાત મુજબની વધારાની કોલેજ શરૂ કરવા રાજ્ય સરકાર વિચારણા કરશે એમ પણ મંત્રીએ જણાવ્યું હતું.

મંત્રી ચૂડાસમાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, જે તે તાલુકામાં કોલેજોની મંજૂરી મળતા જ જે તે શાળાનું સુવિધાપૂર્ણ મકાન હોય ત્યાં કોલેજ શરૂ કરવામાં આવે છે ત્યાર બાદ જમીન મેળવી કોલેજ માટે મકાન બાંધવાની કામગીરી હાથ ધરાય છે. આમ મંજૂરી મળતા જ કોલેજ શરૂ કરવામાં આવે છે.

પાટણની કોલેજ માટે જમીન મળતા જ કોલેજના નવા મકાન સંદર્ભે આગળની કાર્યવાહી હાથ ધરાશે. પાટણ જિલ્લામાં તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ૧-સરકારી વિજ્ઞાન કોલેજ, ૧-ગ્રાન્ટેડ અને ૧૨ ખાનગી મળી કુલ ૨૬ સરકારી વિજ્ઞાન કોલેજ આવેલી છે. જે પૈકી છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ૧ સરકારી અને ૨ ખાનગી મળી કુલ ૩ વિજ્ઞાન કોલેજ અને અમદાવાદ જિલ્લામાં એક સરકારી અને ૬ ખાનગી મળી કુલ ૭ વિજ્ઞાન કોલેજો સ્થાપવામાં આવી હોવાની માહિતી પણ મંત્રીએ આપી હતી.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓ અને સરકારી કોલેજોના પ્રાધ્યાપકોને સાતમા પગાર પંચ અંગે કોઈ નિર્ણય લીધેલ નથી પરંતુ આ અંગે નાણાં વિભાગ અને શિક્ષણ વિભાગ પરામર્શમાં રહી નિર્ણય કરશે.

બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારી અને બિન સરકારી કોલેજના પ્રાધ્યાપકોને સાતમા પગાર પંચ અંતર્ગત વિધાનસભા ગૃહમાં પ્રશ્નોતરી કાળમાં ઉત્તર આપતા મંત્રીએ જણાવ્યું છે કે, આ અંગે નિર્ણય લેવામાં આવ્યોનથી તેથી સાતમા પગાર પંચ અંતર્ગત લાભના તફાવત ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.



શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે પુરઝડપે જઈ રહેલી કાર અચાનક ડ્રાઈવરે કાબુ ગુમાવતા ડીવાઈડર પર ચડી ગઈ હતી. જો કે આ બનાવમાં કારની વચ્ચે અચાનક ગાય આવી જતા તેને બચાવવા માટે કાર ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચડી ગઈ હતી તેવુ સ્થાનિકોનું કહેવુ છે. જ્યારે સદનસીબે આ બનાવમાં કોઈને ઈજા થવા પામી ન હતી.

## હોલ ટિકિટો નહીં મળે તો હવે DEOને ફરિયાદ થઈ શકશે

### મંગળવાર સુધી તમામ શાળાઓને બોર્ડના વિદ્યાર્થીઓની હોલ ટિકિટ આપી દેવા શિક્ષણવિભાગ અને બોર્ડની તાકીદ

ગાંધીનગર,તા. ૫

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આગામી તા.૧૨મી માર્ચથી શરૂ થઈ રહી છે ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જો કોઈ શાળા દ્વારા પરીક્ષાર્થી વિદ્યાર્થીની હોલ ટિકિટ અટકાવાશે તો તે શાળા અને આચાર્ય વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી છે. સાથે સાથે બોર્ડે પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને આશ્વસ્થ કરતાં નવી જોગવાઈ કરતાં જણાવ્યું છે કે, જો કોઈ વિદ્યાર્થીને તા.૬ઠ્ઠી માર્ચ સુધીમાં હોલ ટિકિટ ના અપાય તો, વિદ્યાર્થી પોતે જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર માટે ૯૯૦૯૯૭૦૨૦૧ અને અમદાવાદ ગ્રામ્ય માટે ૯૯૦૯૯૭૦૨૦૨ મોબાઈલ નંબર પર સીધી પોતાની ફરિયાદ કરી શકશે. બીજીબાજુ, રાજયના શિક્ષણવિભાગ દ્વારા પણ રાજયની તમામ શાળાઓને આવતીકાલ સુધીમાં પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને હોલ ટિકિટ મળી જાય તેવી કડક તાકીદ કરવામાં આવી છે. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવવા માટે હોલ ટિકિટ બહુ અગત્યની હોય છે, જેથી બોર્ડ દ્વારા તાજેતરમાં જ રાજયના વિવિધ જિલ્લા કક્ષાના વિતરણ કેન્દ્રો પર ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની હોલ ટિકિટ પહોંચાડી દેવાની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. જિલ્લા વિતરણ કેન્દ્રો પરથી જે તે શાળાઓને આ હોલ ટિકિટ પહોંચાડવાની તજવીજ પણ હાથ ધરાઈ હતી. તા.૧લી માર્ચથી જે તે શાળાઓ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને આ હોલ ટિકિટ વિતરણ કરવાનું શરૂ કરાયું હતું પરંતુ હજુ પણ કેટલીક શાળાઓ અને સંચાલકો એવા છે કે, જેમણે ઉંચી ફી ભરવાના દબાણને લઈ વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવી રાખી છે. બોર્ડના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓની છૂટીછવાઈ આવી ફરિયાદો બોર્ડ સત્તાવાળાઓ સુધી પહોંચતા રાજયના શિક્ષણવિભાગના અધિકારીઓ પણ હરકતમાં આવ્યા હતા. શિક્ષણવિભાગ દ્વારા આવતીકાલે તા.૬ઠ્ઠી માર્ચ સુધીમાં કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને તેમની હોલ ટિકિટ આપી દેવા શાળાઓ અને આચાર્યોને કડક તાકીદ કરી છે અને જો શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવાય તો વિદ્યાર્થીઓને સીધી જ જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરવા તાકીદ કરી છે. જિલ્લા શિક્ષણાધિકારીને મળેલી ફરિયાદના આધારે આવી કસૂરવાર શાળાઓ વિરૂધ્ધ સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ શિક્ષણવિભાગ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની મદદ માટે હેલ્પલાઈન ૧૮૦૦૨૩૩૫૫૦૦ નંબર ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર માટે ૯૯૦૯૯૭૦૨૦૧ અને અમદાવાદ ગ્રામ્ય માટે ૯૯૦૯૯૭૦૨૦૨ મોબાઈલ નંબર જારી કરી તેની પર વિદ્યાર્થીઓને સીધી ફરિયાદ કરવા મંજૂરી આપી છે.



ગાંધીનગર શહેરના 'ખ' માર્ગ પર આજે સવારના સુમારે માર્ગ પરથી પસાર થઈ રહેલી ફ્રન્ટી કાર અચાનક સળગી ઉઠી હતી. બનાવની જાણ ફાયરબ્રિગેડને કરતા તાત્કાલિક પહોંચીને પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. જો કે આગ કયા કારણોસર લાગી તે તપાસનો વિષય છે. પરંતુ આગમાં ફ્રન્ટી કાર બળીને સંપુર્ણ ખાખ થઈ ગઈ હતી. જો કે સદનસીબે આ બનાવમાં કોઈને જાનહાની થવા પામી નથી.

## સીબીએસઈ : ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો આરંભ

ગાંધીનગર,તા.૫

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સીબીએસઈ બોર્ડની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. આજે ધોરણ ૧૦માં ઈન્ફો ટેકનોલોજી અને ઓટોમોબાઈલ ટેકનોલોજી સહિતના વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જ્યારે ધોરણ ૧૨માં ઈંગ્લિશ ઈલેક્ટિવ અને ઈંગ્લિશ કોરની પરીક્ષા લેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષા આજે શરૂ થયા બાદ આ પરીક્ષા ૧૩ એપ્રિલ સુધી ચાલશે. ધોરણ ૧૦ની લાંબા સમય પછી આ પરીક્ષા ફરીથી બોર્ડ દ્વારા લેવાઈ રહી છે. ગુજરાત રાજ્યમાંથી સીબીએસઈ ધોરણ ૧૦માં ૧.૮૫ લાખ અને ધોરણ ૧૨માં ૧.૪૩ લાખ વિદ્યાર્થી નોંધાયા છે. એકંદરે ગુજરાતમાંથી ૩.૨૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. બીજી બાજુ દેશભરમાં કુલ ૨૮.૨૪ લાખ વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ધોરણ ૧૦માં દેશમાં ૧૬.૩૮ લાખ અને ધોરણ ૧૨માં કુલ ૧૧.૮૬ લાખ વિદ્યાર્થી રજિસ્ટર્ડ થયા છે. ગુજરાતનો સમાવેશ અજમેર વિભાગમાં થાય છે. આ વિભાગ માટે ધોરણ ૧૦માં ૬૪૩ સેન્ટર અને ૨૨૭૫ શાળાઓમાં પરીક્ષા નિયત કરાઈ છે. જ્યારે ધોરણ ૧૨માં ૫૯૯ સેન્ટર ખાતે ૧૬૮૦ શાળાઓ પરીક્ષા માટે નિયત કરાઈ છે. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વખતે કેટલાક નવા નિયમો અમલી કરવામાં આવ્યા છે. ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓના પાસ થવા માટેના માપદંડ બદલાઈ ગયા છે. હવે આંતરિક અને બોર્ડ પરીક્ષાના મૂલ્યાંકનને મળીને ૩૩ ટકા માર્ક મેળવનાર વિદ્યાર્થી પાસ ગણાશે. સીબીએસઈએ આ વર્ષે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. ઈન્ટરનલ અને બોર્ડની પરીક્ષાના મૂલ્યાંકનના આધાર પર ૩૩ ટકા માર્કની ગણતરી કરવામાં આવી છે. બોર્ડે પરીક્ષાના પાસિંગ ક્રાઈટેરિયામાં ફેરફાર કર્યા છે. હવે વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પાસ કરવાની બાબત સરળ રહેશે. હવે ઈન્ટરનેશનલ મૂલ્યાંકન અને બોર્ડ પરીક્ષાના માર્કને મળીને ૩૩ ટકા માર્ક મેળવનાર પાસ ગણાશે. જો કે, બોર્ડની પરીક્ષામાં આ નિયમ આ વખત માટે જ રહેશે.